# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, અમરેલી

કલેકટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી–૩૬૫૬૦૧
ફોન નં. ૨૩૦૭૩૫–૦૨૭૯૨ : ફેક્સ નં. ૦૨૭૯૨–૨૨૧૬૦૦
ઈ–મેઈલ :– dismgmt-amr@gujarat.gov.in


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

**–:: નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ–૩૪ અન્વયેનો હુકમ ::–**

નં.ડીઝા/કોરોના વાયરસ/વશી/૨૩૫૦/૨૦૨૦ તા.૦૩/૦૫/૨૦૨૦

**–: હુકમ :–**

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ(COVID-19) ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા મહામારી જાહેર કરેલ હોય,ભારત તેમજ ગુજરાતમાં પણ કોરોના વાયરસ(COVID-19) નાં કેસો નોંધાયેલ છે.જે બાબતે રાજય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૧૩/૩/૨૦૨૦ નાં જાહેરનામાથી The Gujarat Epidemic deases,COVID-19 Regulations,2020 જાહેર કરેલ છે અને ભારત સરકારનાં ગૃહ મંત્રાલયનાં તા.૨૪/૩/૨૦૨૦ નાં હુકમ નં.40-3/2020-DM-I(A) થી આવશ્યક સેવાઓ સિવાય તમામ સેવાઓ તા.૨૫/૩/૨૦૨૦ થી ૨૧ દિવસ માટે મોકુફ રાખવામાં આવેલ છે.ગુજરાત સરકારશ્રીનાં ગૃહ વિભાગનાં તા.૧૪/૪/૨૦૨૦ નાં જાહેરનામા ક્રમાંકઃ–જીજી/૨૧/૨૦૨૦/વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી લોકડાઉન તા.૧૫/૪/૨૦૨૦ નાં ૦૦:૦૦ કલાકથી તા.૦૩/૦૫/૨૦૨૦ નાં ૨૪:૦૦ કલાક સુધી લંબાવેલ છે.સબબ,ભારત સરકારશ્રીનાં તા.૦૧/૦૫/૨૦૨૦ નાં હુકમ નં.40-3/2020-DM-I(A) ના હુકમથી સમગ્ર દેશમાં તા.૦૪/૦૫/૨૦૨૦ થી તા.૧૭/૦૫/૨૦૨૦,દિન–૧૪ સુધી લોકડાઉન વધારવા હુકમ કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ (COVID-19) નાં ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીનાં ભાગરૂપે લોકોની અવર–જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ નીચે મુજબની જણાવેલ વિગતે અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે.

આથી **હું આયુષ ઓક(IAS),જિલ્લા મેજીસ્ટ્રેટ,અમરેલી જિલ્લા,અમરેલી** નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ ની કલમ–૧૦(૨)(૧) અને કલમ–૩૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ ન ફેલાય તે માટે ગ્રામ્ય કક્ષાએથી પુરતી તકેદારી રહે તે માટે નીચે જણાવ્યા મુજબ પરોક્ષ નિરીક્ષણ કમિટીની રચના કરવાની રહેશે.

(૧)ગ્રામ્ય કક્ષાએ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી(પંચાયત)અમરેલી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અમરેલીએ ગામમાં અવર–જવર કરતાં લોકોનું પરોક્ષ નીરીક્ષણ માટે (પાંચ લોકોની બનેલી) કમિટિની રચના કરવાની રહેશે.જે કમિટિમાં સરપંચ, આશાવર્કર,પંચાયતનાં સભ્યો,તલાટી–કમ–મંત્રી,સ્થાનીક તાલુકા હેલ્થ ઓફીસર જેવા સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે. તેમજ શહેરી વિસ્તારમાં ચીફ ઓફીસરશ્રી,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ વોર્ડવાઈઝ (પાંચ લોકોની બનેલી) કમિટિની રચના કરવાની રહેશે. જે કમિટિમાં નગરપાલીકાનાં કર્મચારી,આંગણવાડી આશાવર્કર,સ્થાનીક આગેવાન અથવા કોર્પોરેટરનો સમાવેશ કરવાનો રહેશે.

**આ કમિટીની જવાબદારી મુખ્યત્વે નીચે મુજબની રહેશે.**

– ઉપરોકત દર્શાવેલ ગ્રામ્ય પરોક્ષ નિરીક્ષણ કમિટિએ ગામોમાં **અન્ય જિલ્લા/રાજયમાંથી** કાયદેસર અને ગેરકાયદેસર આવતાં લોકોની અવર–જવરની નોંધણી કરવાની તથા તે અંગેની જાણ સ્થાનીક તાલુકા હેલ્થ ઓફીસર તથા જિલ્લા કક્ષાનાં

Scanned with CamScanner

આરોગ્ય કંન્ટ્રોલરૂમ (નં.૦૨૭૯૨-૨૨૮૨૧૨ અને ૮૨૩૮૦૦૨૨૪૦ તથા પોલીસ કન્ટ્રોલરૂમ નં.૦૨૭૯૨-૨૨૩૪૯૮) પર કરવાની રહેશે.

–ઉપરોકત શહેરી વિસ્તારમાં રચાયેલ વોર્ડવાઈઝ કમિટિએ સંબંધીત વોર્ડમાં લોકોની અવર–જવર પર નિયંત્રણ રાખવાનું રહેશે તેમજ **અન્ય જિલ્લા/રાજયમાંથી** કાયદેસર અને ગેરકાયદેસર આવતાં લોકોની અવર–જવરની નોંધણી કરવાની તથા તે અંગેની જાણ સ્થાનીક તાલુકા હેલ્થ ઓફીસર તથા જિલ્લા કક્ષાનાં આરોગ્ય કંન્ટ્રોલરૂમ (નં. ૦૨૭૯૨-૨૨૮૨૧૨ અને ૮૨૩૮૦૦૨૨૪૦ તથા પોલીસ કન્ટ્રોલરૂમ નં.૦૨૭૯૨-૨૨૩૪૯૮) પર કરવાની રહેશે.

–હોમ કવોરન્ટાઈન કરેલ લોકોની યાદી આરોગ્ય વિભાગે આ કમિટીને પુરી પાડવાની રહેશે. તેમજ હોમ કવોરન્ટાઈન થયેલા લોકો નિયમોનું ચુસ્તપણે પાલન કરે છે કે કેમ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

<u>સંબંધિત નગરપાલિકા/ ગ્રામ પંચાયત દ્વારા કરવાની થતી કામગીરીઃ–</u>

(૨)જે એકમો/ઉદ્યોગો/દુકાનને લોકડાઉન દરમ્યાન પરવાનગી આપવામાં આવેલ હોય,તેઓએ ફરજીયાત આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવી તેમજ જે દુકાનોમાં ગ્રાહક આવે અને જેઓએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરેલ હોય,તેવા ગ્રાહકોને જ સેવા/વસ્તુ પુરી પાડવાની રહેશે.ફોન ધરાવતાં ન હોય,તેવા કિસ્સામાં આ લાગુ પડશે નહી.સ્માર્ટ ફોન ધરાવતાં હોય,તેવા કિસ્સામાં આરોગ્ય સેતુ એપ ફરજીયાત ડાઉનલોડ કરેલ હોય,તે સુનીશ્ચીત કરવું.

(૩) સંબધીત નગરપાલીકાએ જાહેરમાં માસ્ક પહેરવા બાબતે,જાહેરમાં થુંકવા બદલ દંડ બાબત તેમજ સોશ્યલ ડીસ્ટંસીગ બાબતે બહોળો પ્રચાર–પ્રસાર કરવાનો રહેશે.જે અન્વયે હોર્ડીગ્સ,બેનર તથા રીક્ષા મારફતે માઈકથી પ્રચાર–પ્રસાર કરવાનો રહેશે તેમજ તમામ રહેણાંક વિસ્તારમાં જિલ્લા બહારથી પ્રવેશ કરતાં લોકો અંગેની માહિતી જિલ્લા કંટ્રોલ રૂમ નં. ૦૨૭૯૨-૨૨૮૨૧૨ અને ૮૨૩૮૦૦૨૨૪૦ તથા પોલીસ કન્ટ્રોલરૂમ નં.૦૨૭૯૨-૨૨૩૪૯૮ ઉપર લોકો આપે તે માટે રીક્ષા મારફતે માઈકથી તથા પત્રીકાઓ વહેંચીને, બહોળો પ્રચાર–પ્રસાર કરવાનો રહેશે.

(૪)સંબંધીત નગરપાલીકાએ ડોર ટુ ડોર કેમ્પેઈન કરી,લોકો આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરે તે સુનીશ્ચીત કરવાનું રહેશે.

(૫)તમામ માર્કેટો તથા ગીચ વિસ્તારો,શાકભાજી માર્કેટો તથા એવા વિસ્તારો કે જયાં દિવસ દરમ્યાન મોટા પ્રમાણમાં લોકો ધંધા–રોજગાર માટે એકઠા થતાં હોય,તેવા સ્થળોએ ફાયર ટેન્ડર અથવા સ્પ્રેયરનો ઉપયોગ કરી ૧% સોડીયમ હાઈપોકલોરાઈટથી સદરહુ સ્થળોનું દરરોજ ડીસઈન્ફેકશન કરવાનું રહેશે.

(૬)ઉપરોકત વિગતે મોટા પ્રમાણમાં ધંધા–રોજગાર માટે એકઠા થતાં તેવા સ્થળો શોધીને તેવા સ્થળોની યાદી બનાવી દરરોજ થયેલ ડીસઈન્ફેકશન અંગે થયેલ કામગીરીનો અહેવાલ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી–અમરેલીને મોકલી આપવાનો રહેશે.

(૭)નગરપાલીકા વિસ્તારમાં આવેલ દુકાનો આગળ લોકો મોટા પ્રમાણમાં એકઠા ન થાય તથા સોશ્યલ ડીસ્ટંસીગનું પાલન થાય તે માટે દુકાનની આગળ જરૂરી સર્કલ(કુંડાળા) જેવા ઉપાયો હાથ ધરવાનાં રહેશે તેમજ દુકાનો આગળ સાફ–સફાઈ જળવાય રહે તે માટે કચરાપેટી ફરજીયાત મુકવાના રહેશે.

(૮)દરેક દુકાનદાર,કારીગરો અને ગ્રાહકોએ ફરજીયાત માસ્ક પહેરવાનો રહેશે તથા સેનીટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે,પોલીસ વિભાગ ધ્વારા આ હુકમ અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં વ્યકિતગત રીતે બજી શકે નહી.તેથી જાહેર બહોળી પ્રસિધ્ધી કરીને તેમજ સ્થાનિક વંચાતા અખબારો(વર્તમાનપત્ર)માં અને ન્યુઝ ચેનલમાં પ્રેસનોટ આપીને તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

Scanned with CamScanner

**–: અમલવારીનો વિસ્તાર:–**

આ હુકમ અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

**–: અમલવારીનો સમયગાળો:–**

આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૦ નાં ૦૦:૦૦ કલાકથી તા.૧૭/૦૫/૨૦૨૦ નાં ૨૪:૦૦ કલાક( બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**–: શિક્ષા:–**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ હેઠળ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ચીફ ઓફીસરશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩ જી મે ૨૦૨૦ નાં રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી હુકમ કર્યો.

(આયુષ ઓક)
જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

DISTRICT MAGISTRATE AMRELI GUJARAT STATE

**નકલ સવિનય રવાના:–**

(૧)મે.ડીસ્ટ્રીકટ જજ સાહેબ,અમરેલી તરફ જાણ સારૂ.

(૨)નાયબ સચિવશ્રી,ગૃહ વિભાગ,બ્લોક નં.૨,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

**નકલ રવાના:–**

(૧)પોલીસ અધિક્ષકશ્રી–અમરેલી

૨/–વધારાની ૨૫ નકલો સાથે જરૂરી નકરો કાયદાની જોગવાઈ તથા સુચનાનુસાર બહોળી પ્રસિધ્ધી કરી/કરાવી અને પ્રસિધ્ધિ કર્યાનો રીપોર્ટ મોકલી આપવા સારૂ.

(૨)જિલ્લા વિકાસ અધિકારીશ્રી,અમરેલી

(૩)સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી,....................(તમામ)જિ.અમરેલી

(૪)તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી,................(તમામ),જિ.અમરેલી

(૫)તાલુકા વિકાસ અધિકારીશ્રી,..................(તમામ)જિ.અમરેલી

(૬)ચીફ ઓફીસરશ્રી,..................(તમામ),જિ.અમરેલી

(૭)વિભાગીય પોલીસ અધિકારીશ્રી,અમરેલી/સાવરકુંડલા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

(૮)જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,અમરેલી

(૯)પોલીસ ઈન્સ્પેકટરશ્રી,.................(તમામ)જિ.અમરેલી

૨/–કાયદાની જોગવાઈ તથા સુચનાનુસાર બહોળી પ્રસિધ્ધી કરી/કરાવી અને પ્રસિધ્ધી કર્યાનો રીપોર્ટ મોકલવા સારૂ.

(૧૦)નાયબ માહિતી નિયામકશ્રી,અમરેલી તરફ જાણ તથા વર્તમાનપત્રોમાં વિનામુલ્યે ન્યુઝ આઈટમ તરીકે પ્રસિધ્ધી આપવા સારૂ તથા તેનાં આધારો માટે સંબંધીત વર્તમાનપત્રોનાં પ્રેસ કટીંગની નકલ અત્રે મોકલવા સારૂ.

(૧૧)મેનેજરશ્રી,સરકારી પ્રેસ,રાજકોટ તરફ ગેઝેટમાં પ્રસિધ્ધ થવા સારૂ.

(૧૨)અંગત મદદનીશ ટુ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,અમરેલી

Scanned with CamScanner